# રાજાનો યોગ : આત્માની મુક્તિનો ને મહિમાનો યોગ

કાળ-જાયા મનુષ્યોમાં આ જ્ઞાન પ્રથમ અશ્વપતિને પ્રાપ્ત થયું. વિચારની ને કેવલા દૃષ્ટિની વચ્ચે આવેલો વિચારનો ઉજ્જ્વલ પડદો હઠી જતાં ગૂઢતાની ગુહા દેખાઈ અને જ્યાં સર્વ વસ્તુઓનું જ્ઞાન નિત્યનો નિવાસ કરીને રહેલું છે ત્યાં સૂર્યોજ્જ્વલ મહાદીપ્તિમાં રાજાએ પ્રવેશ કર્યો. પાર્થિવ હૃદયને બાંધતી મનની દોરી એણે કાપી નાખી. જડ દ્રવ્યના નિયમની ઝૂંસરી ફગાવી દીધી. પ્રાણના ધબકારા બંધ પડ્યા છતાંય મૃત્યુ ત્યાં ઘૂસી શકતું ન 'તું. શ્વાસ અને વિચાર સ્તંભિત થયા છતાંય એ ત્યાં જીવવાનું સાહસ કરતો હતો. દેવોએ મેળવેલું સઘળુંય જ્ઞાન ત્યાં સ્વયંવિજ્ઞાત હતું. જીવનના નિગૂઢ હૃદયમાં એક છૂપો ઓરડો હતો ને ત્યાં વિશ્વના ચિત્રગુપ્તની રેખાલિપિ હતી. પવિત્ર ઋતનિયમનાં કોષ્ઠકો હતાં. વેદોનાં સત્યનો નિઘંટુ હતો. ભાગ્ય નિર્માણને સૂચવતા તારામંડલના છંદોલયો હતા. સંખ્યાની ને આકૃતિઓની પ્રતીકાત્મક શક્તિઓ હતી, જગતના ઇતિહાસના ગૂઢ લેખો હતા, આત્માની ને પ્રકૃતિની વચ્ચે ચાલતો પત્રવ્યવહાર હતો.

પ્રકૃતિમાંથી ઉદ્‌ભવેલું સઘળું જે કાળા કરારના અમલ નીચે રહેલું છે, તેમાંથી તેને બચાવી લેનારી કાયદાની કલમ રાજાને ત્યાંથી મળી આવી. અનંતની સંમતિ મેળવી પ્રકૃતિ મહામાતા રૂપોનું સર્જન કરે છે, જ્ઞાન માટેનો સંકલ્પ જગાડે છે, મૃત્યુના નિયમન નીચે જિજીવિષાને જીવંત બનાવે છે, માંસમાટીમાં પરમાનંદની તૃષા ઊભી કરે છે, ગેસ અને પ્લાઝ્માંમાંથી એક ચૈત્ય જીવને અસ્તિત્વમાં આણીને પ્રભુએ રાત્રિને જે કબૂલાત આપી છે તેના રહસ્યને કાર્યસિદ્ધ બનાવે છે.

ઊંડાણોમાંથી દુનિયાનું દટાઈ રહેલું રહસ્ય જાગી ઊઠ્યું. રાજાએ મૂળ શાસનપત્ર વાંચ્યો. તમોલીન શક્તિના ઢાંક્યા રહેતા કાર્ય ઉપર એણે પરમ પ્રજ્ઞાની સહી ને સળગતી સીલ જોઈ. અજ્ઞાનમાં આવેલી એની પ્રકાશમય સોપાનપરંપરા પ્રત્યક્ષ થઈ. સૂતેલા દેવતાઓએ સામે અમર આંખો ઉઘાડી. રાજાએ જોયું કે જડતત્ત્વની સૃષ્ટિની ભીતરમાં સોનેરી શિશુ ગર્ભરૂપે રહેલો છે. જે અંતરમાં છે તેના દ્વારા જે બાહ્યમાં છે તેના પાઠ એણે ઉકેલ્યા અને સમસ્યાઓ સ્પષ્ટ થઈ ગઈ. પુરાણા મૂગા અવકાશમાં એણે સચેતન વિરાટને જોયો. શૂન્યમાં સિંહાસનારૂઢ સર્વજ્ઞ પરમાત્માનાં એણે દર્શન કર્યાં.

હવે એક મહાસંકલ્પે અને અંતહીન આશાએ એના હૃદયનો કબજો લીધો.

અતિમાનુષ-સ્વરૂપનાં દર્શન કરવાને માટે એણે અદૃશ્ય અધ્યાત્મ શિખરો પ્રતિ આંખને ઊંચી કરી, અને એક મહત્તર ભુવનને નીચે ઉતારી આણવાની આસ્પૃહા આરાધવા માંડી. એને લાગ્યું કે જે મહોચ્ચ મહિમાની એને ઝાંખી થઈ હતી તે એનું પોતાનું મૂળ ધામ છે, અને નીચેના અજ્ઞાનમાંથી ને અંધાધૂંધીમાંથી નીકળીને આપણે ત્યાં જવાનું છે

જે બધું નીચે છે તે ઉપરની સત્ય વસ્તુઓની વિકૃતિ માત્ર છે. અહીંના આપણા વિચારો ઉછીનો પ્રકાશ મેળવે છે ને અમથા જ ઊંચે ચડે છે. રાખી શકાતું નથી એવા સ્વર્ગીય સુખની પાછળ આપણાં હૃદયો નકામા બાચકા ભરે છે. આત્માની ઈચ્છા અહીં પૂર્ણ થતી નથી, માત્ર માંસમાટીનાં રડયાંખડયાં થોડાં રોમાંચો જ લહેવાય છે. અસંગત અસ્તવ્યસ્તતા અને અસફળતા આપણી પાછળ પડેલી છે. માણસ એટલે મહાન થવાને મથતી ક્ષુદ્રતા, દેવોની સહજવૃત્તિવાળું પશુ, વિચારશૂન્ય વિશ્વમાં વિચાર કરતું પ્રાણી. એનાં સઘળાં કૃત્યોનો સરવાળો શૂન્યમાં સમાપ્ત થાય છે. એ છે એક આશાના પારણાની ને કબરની વચ્ચે ઝોલે ચઢેલી તારકા જેવી વસ્તુ. પરંતુ તેમ છતાંય એક મહત્તર ભાવિ એના ભાગ્યમાં છે, કેમ કે સનાતન પરમાત્મા એનું સાચું સ્વરૂપ છે. એ પોતાને તેમ જ પોતાની આસપાસના જગતને નવેસર સર્જવાને સમર્થ છે. પોતે અજ્ઞાન હોવા છતાં એ કાળની પારનો જ્ઞાતા છે. પ્રકૃતિના દૈવનિર્માણની પારનો એ પરમ પુરુષ છે.

અત્યાર સુધી પોતે જે કંઈ કર્યું-કારવ્યું હતું તેમાંથી અશ્વપતિનો આત્મા નિવૃત્ત થયો. એક મૌન જ એનું એક્નું એક સહચર બની ગયું. અપ્રાપ્ય ઊંચાઈઓ ઉપરથી એની ઉપર એક આહ્‌વાન ઊતર્યું. શાશ્વતના વિરાટ વિસ્તારમાં એણે વાસ કર્યો. એની આંખોમાં વિશ્વજ્યોતિ વિલસી. એક સોનેરી પ્રવાહ એના હૃદયની ને મસ્તિષ્કની મહીં થઈ વહેવા લાગ્યો. એનાં મરણશીલ અંગોમાં એક ઓજ ઊતરી આવ્યું. સનાતનના આનંદ સાગરો એનામાં પ્રવાહે રેલાયા. રાજા હવે પોતાના અપરિસીમ અધ્યાત્મ ભાવિ તરફ વળ્યો. મૃત્યુલોકને નીચે રાખી, કાળના ધનુષ્ય પરથી છૂટેલા એક જ્વલંત બાણની માફક, કોઈ એક ભવ્યાતિભવ્ય શિકાર જેવા પ્રભુની ખોજમાં એ ઊંચે આરોહ્યો. એક અનામી આશ્ચર્યે એના આત્માને ભરી દીધો. શાશ્વતના હૈયા શું એ હળીમળી ગયો; અનંતના મહામૌનને એણે પોતાની અંદર ધારણ કર્યું.

અશ્વપતિનો આત્મા મર્ત્ય વિચાર આગળથી દિવ્ય પલાયન કરી ગયો, માનવ ભાવ તજી દઈને એ માર્ગરહિત આરોહો આરોહ્યો, ત્યારે આરોહણ સમયે ક ઓજસ્વી અવતરણ છલંગ મારીને નીચે આવ્યું. અજ્ઞાતનું આલિંગન થતાં એક મહાબલ, જ્વાલા, સૌન્દર્ય, ઉત્કટ આનંદ અને અવિશેષ માધુર્ય એને ઘેરી વળ્યાં. પ્રભુના આશ્લેષના મહાવિસ્તારોમાં એક સર્વજ્ઞતાએ અને સર્વશકિતમત્તાએ એને પોતાનો બનાવી દીધો. સારાયે સંસારને પોતાની અંદર સમાવી દેતા એક સત્સ્વરૂપે

એક માનવ હૃદયને પોતાનો નિલય બનાવ્યું. કર્ત્તા અને કર્મ રહ્યાં નહિ, રહ્યો માત્ર વિશાળ અને વિશુદ્ધ આત્મા. ચેતનાને ચપસી રાખતું સર્વ સરી ગયું, ભૂતકાળ ભસ્મીભૂત થઈ ગયો. સનાતનને સ્પર્શે ઇન્દ્રિયોનાં બીબાં ભાંગી ગયાં, અજ્ઞાત કોપો ઊઘડી ગયા, અદ્‌ભુત બળોની પ્રવૃત્તિ શરૂ થઈ. અહંતા અળગી પડી જતાં અત્યાર સુધી જે મોટું મોટું લાગતું હતું તે સર્વ સાવ ક્ષુદ્ર બની ગયું. અશ્વપતિનો આત્મા ઉચ્ચોચ્ચની હવામાં શ્વાસોચ્છ્‌વાસ લેતો બની ગયો.

**મૂર્ત્તિમંત થયેલા અદ્‌ભુતસ્વરૂપને પગલે નીચેની પરિબદ્ધ કરતી સીમાએ** સ્વજસમામ થઈ ગઈ. પુરાણા નિષેધોના પગ ગળી ગયા. પ્રતિબંધક નિયમો બેકાર બની ગયા. ભાગ્યના લેખો ભૂંસાઈ ગયા, વિશ્વમાં કાર્ય કરી રહેલાં બળો ને અટકાવતા બંધો બેસી ગયા, આત્મા અને અખિલ બ્રહ્માંડ સમોવડ બની ગયાં. એક અપરિસીમ સત્તાએ વણમાપ્યા કાળમાં પ્રકૃતિ ઉપર આક્રમણ આદર્યું. અશ્વપતિની આંખો સામે પથરહિત, પ્રાચીરરહિત નિજ ક્ષેત્ર પ્રકટ થયું.

રાજાની દૃષ્ટિ મુદ્રામુક્ત બની ગઈ. એની આગળ પ્રકૃતિએ પોતાનું સત્યસ્વરૂપ અને આશ્ચર્યકારી શક્તિઓ પ્રકટ કરવા માંડી. અર્ધદેવોનો જેમની પર અધિકાર હોય છે એવી ચમત્કારી સિદ્ધિઓએ અશ્વપતિને આત્મસમર્પણ કર્યું અને એકવાર જે અશક્ય મનાતું હતું તે સર્વ એને માટે સહજસિદ્ધ બની ગયું. શક્તિસૂચક યંત્રાકૃતિઓ, સંખ્યાની જાદૂગરી, ભૌમિતિક અદ્‌ભુત આયોજનો રાજાની સેવા માટે પ્રત્યક્ષ થયાં. સ્રષ્ટાની માફક એની સૃષ્ટિ પણ આશ્ચર્યો ઉપજાવી શકે છે, શબ્દના ને વિચારના ચમત્કારી બળે અદ્‌ભુતોને અસ્તિત્વમાં આણી શકે છે. મનમાં અજબગજબ શક્તિઓ રહેલી છે. એ ધારે ત્યારે જડ જગતના નિયમોને માફક રાખી શકે છે, યા તો એમને બદલી શકે છે, સૂતેલી શક્તિને જગાડી શકે છે, દેવને તેમ જ દાનવને કામે લગાડી શકે છે. એનું આહ્‌વાન સર્વજ્ઞને ને સર્વશક્તિમાનને બોલાવી લાવે છે અને અત્યારે જે ભુલાઈ ગઈ છે તે સર્વસમર્થ શક્તિને ભીતરમાં જગાડી શકે છે.

ચમત્કારી સિદ્ધિઓ સાથેનું આ સર્વ રાજા અશ્વપતિનું બની ગયું. રાજામાં પ્રકટ થયેલી દિવ્યતાની અધીનતા એણે સ્વીકારી. વિકૃતિઓમાંથી એનો છૂટકારો થયો અને એ જેના માટે સર્જાયું હતું તેની સેવામાં સમર્પાયું. અનિચ્છુ પ્રકૃતિ પોતાના પ્રભુથી પરાજિત થઈ. હવે એણે સ્વામીની સેવા કરવાની કૃતાર્થતા સાધવા માંડી, અધીનતામાં જે આનંદ રહેલો છે તે એણે અનુભવ્યો. એની પાસે સીલબંધ નિર્ગતમાં જે જ્ઞાનપ્રજ્ઞાન હતું, જે સર્વશક્તિમાનનાં રહસ્યો હતાં તે સર્વ એણે ખંડ પાડી ખંડ ખોલીને રાજા અશ્વપતિને હવાલે કરી દીધાં.

ગૂઢ વિદ્યા અને ગૂઢ-શક્તિ માત્ર સરહદ ઉપર રાજસત્તા ચલાવે છે. ઊમરે ઊભી રહી એ પાર્થિવ ક્ષેત્રની પાર જે આવેલું છે તેની સુરક્ષાનું કાર્ય કરે છે. પ્રભુના પ્રસ્ફોટોને માટે એ નહેર રચી આપે છે, અગાઉ આવિષ્કારોનો લાંબો માર્ગ બનાવી

આપે છે. અહીં આવ્યા પછી રાજાને માટે અજ્ઞાતનાં અદ્‌ભુત ભુવનો અદૂર હતાં. એનાં પગલાંની આસપાસ પાતાળ-ગહ્‌વરો મોં વકાસી રહ્યાં હતાં, એની દૃષ્ટિને દિવ્ય શિખરોનાં દર્શન થતાં હતાં. પોતે હતો પ્રભુના સહસ્રગુણ ગૃહના અગ્રભાગમાં. અસીમતામાંથી અજ્ઞાત ડોકિયાં કરતું હતું. કાળમાનહીન સાંપ્રતમાંથી એની દૃષ્ટિઓ આવતી હતી. એની છાયાઓમાં દેવોના જન્મની જ્યોતિઓના ઝગારા હતા. એનાં અંગો અશરીરીને સંકેત કરતાં 'તાં, એનું ભાલ અધ્યાત્મની આભાઓથી ઓપતું હતું. અજ્ઞેયમાંથી એનાં રૂપો પ્રક્ષેપાતાં 'તાં, એની આંખોમાં અનિર્વાચ્યનાં સ્વપ્ન હતાં અને એમની મીટ સનાતન ઉપર મંડાઈ હતી. અશ્વપતિના જીવનને અફાટ અવચેતનપૃષ્ઠનું જ્ઞાન થયું. અલ્પ અગ્રભાગો અદીઠા વિરાટો તરફ ઊઘડયા હતા, એનાં અગાધો અનાવૃત થયાં હતાં, એને માટે પરપારતાઓ સંકુલિત જ્યોતિઓ દ્વારા પારદર્શક પ્રકાશતી હતી.

પડદા પાછળનું જે ગૂઢસ્થ જગત છે તેનાં ભીમકાય સ્વરૂપો રાજાએ જોયાં. આપણું દૃશ્ય જગત તો એની દૃષ્ટિગોચર થતી એના ઝભ્ભાની બહારની ઝૂલ માત્ર છે. એની લગાર વિસ્તરેલી કિનારમાંથી આપણાં સ્થૂલ જીવનો સર્જાયાં છે. અંતરતમ મનની એક દીવાલ પર સૂક્ષ્મ સંજ્ઞાઓનો નકશો લટકાવાયેલો હતો. સનાતન રહસ્યમયતાનું જે પરાવૃત્ત પ્રતિબિંબન થતું હતું તેનો ખ્યાલ એની ઉપરથી આવતો હતો. આરોહતાં અને અવરોહતાં ઋતરાજ્યો અકાળમાંથી કાળમાં નિમજ્જન કરતાં હતાં, ને પાછાં મનના, પ્રાણના અને જડદ્રવ્યના રૂપે ઢાળ્યા મહિમાએ ભર્યાં કાળમાંથી અકાળમાં આરોહતાં હતાં. એક સોનેરી સીડી ઉપર જીવાત્મા ત્યાં આરોહતો હતો. બ્રહ્મની બન્ને પરાકોટિઓ હીરને તાંતણે સંધાતી હતી. ચેતનાથી ચેતનામાં ઊતરતી વખતે અચિત્‌ની શક્તિનું આલંબન લેવાતું હતું; ચેતનાથી ચેતનામાં ચઢતી વખતે જે સત્‌માંથી સર્વ આવ્યું છે તેની પ્રત્યે મસ્તકો ઊંચકાતાં હતાં. શાશ્વતસ્વરૂપનાં કાર્યોની સારીગમ ઉત્ક્રાંત થતા માર્ગે ઊર્ધ્વે આરોહતી હતી અને સૃષ્ટિને અનિર્વચનીયની સાથે સંયોગમાં આણતી હતી.

બધાંય જગતોનું જ્યાં જોડાણ થાય છે એવું એક ઉચ્ચ જગત જોવાયું. શિખર ઉપરના પ્રકાશમાં ન હતી રાત્રિ કે ન હતી નિદ્રા. સચ્ચિદાનંદમયી ત્રિપુટીનો પ્રકાશ ત્યાંથી આરંભાતો હતો. એ પ્રકાશમાં જે જે જેની જેની શોધ કરતું હતું તે સર્વ પ્રાપ્ત થતું હતું. અચિત્‌ને પોતાનું ચૈતન્યમય હૃદય મળતું, અજ્ઞાનને સત્યના શરીરનું આલિંગન મળતું, જડપદાર્થની અરવતા અગાધ અનિર્વાચ્યમાંથી પોતાના સંગીતમેળનું મર્મ મેળવતી, સંસિદ્ધ છંદોમયતા પૃથ્વીની ક્ષુધાને સંતોષતો પ્રત્યુત્તર પામતી, લાંબા સમયના સંરોધનોનો અંત આવી જતો. આપણા જીવનનો અનુચ્ચારિત મર્મરધ્વનિ સીમા વગરના અર્થમાં ત્યાં સાર્થક બની જતો, સોનેરી શબ્દો ઊર્ધ્વોર્ધ્વે ઉઠાવતા અને સત્યનાં દર્શન કરાવતો સનાતન સ્વર સાંપડતો. સત્યનો સત્ય સાથેનો સંઘર્ષ શમી જતો, ભેદને માર્ગે સર્વ એકતા પ્રત્યે યાત્રા કરતું,

કાળના સર્જક અર્થ અને કાળ એકાત્મકતાની શૈલીની અને અન્વયની સાથે સંલગ્ન થતા, ચિંતનલીન ઊંડાણોમાંથી વિજયગીત ઊભરાઈ આવતું, ત્રિગુણ સંમુદાઓ પ્રત્યે સ્વનિત સ્તોત્રગાન આરોહતું. અચિત્-દ્રવ્યનાં ગહનોમાંથી પરમાત્માનાં ઉત્તુંગ શિખરો પ્રત્યે અર્પવાની ઊર્ધ્વારોહી ઉદ્‌ગીતિઓ સાથે અભીપ્સુ સ્વરો ને સૂરતાઓ આરોહતાં જતાં.

ઉપર હતાં અમરોનાં અવિકારી ધામો, એકસ્વરૂપનાં દિવ્ય દ્વારો, શાશ્વતની આમોદપ્રમોદની શુભ્ર કક્ષાઓ. અહીં હતા મૃત્યુમુક્ત પ્રભુના પ્રદેશો, પરા પ્રકૃતિને પરિચિત મહિમામાર્ગો, સામર્થ્યના શાંત મહાખંડો, અગોચર સૌન્દર્યના આવાસો, જ્ઞાનના સૂર્યોજ્જ્વલ પટ, ચંદ્રની મુદામયી મેખલાઓ.

અશ્વપતિ ત્યાં થોડી વાર રહી શક્યો. રાજા હતો માર્ગરહિત ને માનરહિત મહાસાગરોનો મહાયાત્રી. અજ્ઞાતનાં જોખમોનો એણે સામનો કર્યો. પ્રકાંડ પ્રદેશોને પાર કરવાનું એણે સાહસ કર્યું. એક અનેરા સ્થળ-કાળમાં એણે દરોડો પાડ્યો.

પહેલું પર્વ સમાપ્ત